## ૮.૨ ગુરુવંદનવિધિ અને વ્યાખ્યાન કે પ્રવચનવિધિ.

### ગુરૂવંદનની વિધિ

ગુરૂ મહારાજ પાસે જઈ, બે હાથ જોડીને 'ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ' આ ખમાસમણ બે વાર દેવા પછી ઊભા થઈને બે હાથ જોડી 'ઈચ્છકારનો પાઠ બોલવો,'

**("ઈચ્છકાર સુહરાઈ (સુહદેવસિ) સુખ તપ શરીર નિરાબાધ સુખસંજમ જાત્રા નિર્વહો છોજી ? સ્વામી શાતા છે જી ? ભાત પાણીનો લાભ દેજોજી")**

(જો ગુરૂ મ૦ આચાર્ય મ. ઉપાધ્યાયજી, પંન્યાસજી વગેરે પદવીધર હોય તો અહીં એક ખમાસમણ વધુ દેવું.)

પછી "ઈચ્છાકારેણ સંદિસહ ભગવાન્ અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર રાઈયં ખામેઉં, ઈચ્છં ખામેમિ રાઈયં," આદેશ માંગી જમણો હાથ જમીન પર સ્થાપી નીચેનું સૂત્ર બોલવું;

**"જંકિંચિ અપત્તિઅં-પરપત્તિઅં ભત્તે પાણે વિણએ વેયાવચ્ચે આલાવે સંલાવે ઉચ્ચાસણે સમાસણે અંતરભાસાએ ઉવરિભાસાએ જંકિંચિ મજ્ઝ વિણય પરિહીણં સુહુમંવા બાયરંવા તુબ્ભે જાણહ અહં ન જાણામિ તસ્સ મિચ્છામિ દુક્કડં."**

(ઈચ્છકાર અને અબ્ભુટ્ઠિઓ સૂત્રમાં બપોરના બાર વાગ્યા સુધી રાઈયંને પછી દેવસિઅં બોલવું.)

### ગુરુવંદનનું ફળ

તરણ તારણ ભગવાનશ્રી એ કહ્યું : હે ગૌતમ ! જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મો ગાઢ બંધનથી બાંધ્યા હોય તે ઢીલા બંધનવાળાં, દીર્ઘ સ્થિતિવાળા બાંધેલા હોય તે અલ્પ મુદતવાળાં, તીવ્ર રસવાળા બાંધેલા અશુભ કર્મોને મંદ રસવાળાં અને ઘણાં પ્રદેશવાળાં બાંધ્યા હોય તેને અલ્પ પ્રદેશવાળા કરે છે અને તેથી જીવ અનાદિ, અનંત સંસાર રૂપી અટવીમાં લાંબો કાળ પરિભ્રમણ કરતો નથી.

હે ગૌતમ! ગુરુવંદન કરવાથી જીવ નીચ ગોત્ર કર્મ ખપાવે છે, ઉચ્ચ કર્મનો બંધ કરે છે અને અપ્રતિહત આજ્ઞાવાળું એટલે જેની આજ્ઞા કોઈ ઉલ્લંઘી શકે નહિ તેવા ફળવાળું "સૌભાગ્ય" નામકર્મ પણ બાંધે છે.

jainuniversity.org

### વ્યાખ્યાન કે પ્રવચન વિધિ

સહુ પ્રથમ ગુરૂ મહારાજ પાસે જઈ ગુરૂવંદનની વિધિથી વંદન કરીને
**એક ખમાસમણ** દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **વાયણાં સંદિસાહું ?** ઈચ્છં પછી
**બીજું ખમાસમણ** દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **વાયણાં લેશું ?** ઈચ્છં પછી
**ત્રીજું ખમાસમણ** દઈ ઈચ્છકારિ ભગવન્ ! પસાય કરી **વાયણાં પસાય કરાવશોજી.** આટલા આદેશો માંગી ઉભડક પગે (ઉત્કટ આસને) બેસી ગુરૂ મહારાજ પાઠમાં જે વ્યાખ્યાન કે પ્રવચન આપે તે બરાબર ધ્યાનપૂર્વક સાંભળવું.

વ્યાખ્યાનશ્રવણ પૂર્વે પણ આ રીતે જ વંદન કરી ત્રણ આદેશ લેવા તેમજ વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ ફરી વંદન કરવું.

# ગુરુવંદનની વિધિમાં ધ્યાન શું રાખશો?

- પરમ ઉપકારી ગુરુમહારાજને રોજ સવાર, બપોર, સાંજ એમ ત્રણ કાળ વંદન કરવાં જોઈએ.
  સંયોગવશાત્ ત્રિકાલ વંદન ન થઈ શકે તો દાતણ કર્યા પહેલાં, મોઢામાં કાંઈ પણ નાખતાં પહેલાં રોજ સવારમાં અને એ પણ ન બની શકે તેમ હોય તો આખા દિવસમાં એકવાર તો ગુરુવંદન અવશ્ય કરવું જોઈએ. એ પણ ન બની શકે તો છેવટે રાત્રે પ્રતિક્રમણ બાદ **'ત્રિકાલવંદના'** કહેવા દ્વારા પણ આ વિધિ સાચવવી જોઈએ.
- ગુરુવંદન ગુરુમહારાજની વિવેકપૂર્વક આજ્ઞા લઈને અને ગુરુમહારાજ જેવા મહાવ્રતધારી બનવાની ઉત્તમ ભાવના રાખીને કરવું જોઈએ.
- **ગુરુવંદનનાં આઠ કારણ :** પ્રતિક્રમણમાં, વાચના (જ્ઞાન, બોધ, હિતશિક્ષા) લેતાં પહેલાં, કાઉસગ્ગ કરતાં પહેલાં, મહેમાન સાધુ આવે ત્યારે, આલોચના કરતાં પહેલાં, પચ્ચક્ખાણ લેતાં પહેલાં અને અણસણ કરતાં પહેલાં–આમ આઠ પ્રસંગે ગુરુવંદન કરાય છે.
- **ગુરુવંદનના લાભ :** ગુરુમહારાજનો અર્થાત્ યોગ્ય આત્માનો વિનય થાય, આપણા અભિમાનનો નાશ થાય, ગુરુની પૂજા થાય, જિનાજ્ઞાપાલન થાય, આઠ કર્મપ્રકૃતિઓનો બંધ શિથિલ થાય, તેનાં સ્થિતિ, રસ, પ્રદેશસમૂહ ઘટે તેથી અનાદિ–અનંત સંસારરૂપી અટવીમાં પરિભ્રમણ ન થાય, સંસારનો પાર પમાય, નીચગોત્રકર્મ ખપે, ઉચ્ચગોત્રકર્મ બંધાય, સર્વજનસ્પૃહણીયતા પ્રાપ્ત થાય, અસ્ખલિત આજ્ઞાફળ મળે, લોકોનો અનુકૂળભાવ ઉત્પન્ન થાય, સમ્યગ્ જ્ઞાન આરાધન પ્રાપ્તિ થાય અને અંતે મોક્ષપ્રાપ્તિ થાય.
- **ગુરુવંદન નહિ કરવાથી થતા છ દોષ :** અવિનય થાય, અભિમાનની વૃદ્ધિ થાય, અવજ્ઞા થાય, નીચગોત્રકર્મનો બંધ ધર્મની પ્રાપ્તિ દુર્લભ થાય અને થાય, સંસારની વૃદ્ધિ થાય.
- **ગુરુવંદન ક્યારે કરાય? :**ગુરુમહારાજ જ્યારે પ્રશાંત (અવ્યગ્ર – સ્વસ્થ) ચિત્તવાળા હોય, આસન ઉપર બેઠેલા હોય, ઉપશાંત (ક્રોધાદિરહિત) હોય અને વંદન સમયે શિષ્યને **'છંદેણં'** ઈત્યાદિ વચન કહેવા માટે તત્પર હોય ત્યારે **બુદ્ધિમાન શિષ્ય ગુરુની આજ્ઞા માગીને વંદન કરે.**
- **ગુરુવંદન ક્યારે ન કરાય?**
- ગુરુનું મન જ્યારે વ્યાક્ષિપ્ત અર્થાત્ કહોળાયેલું હોય (સ્વસ્થ ન હોય), વંદન કરવા તરફ ધ્યાન ન હોય, પ્રમાદમાં હોય અને આહાર આદિ કરતા હોય ત્યારે વંદન ન થાય.
- જેમ ભગવાનનાં દર્શન દેરાસરમાં હાથ, પગ, મોઢું ધોયા વિના અને ઉઘાડા શરીરે કે અપૂર્ણ અને અનુચિત વેશ પહેરીને જવાય નહિ તેમ ગુરુમહારાજને વંદન કરવા ઉપાશ્રયમાં પણ હાથ, પગ મોઢું ધોયા વિના અને ઉઘાડા શરીરે માત્ર ગંજી – લૂંગી જેવાં અપૂરતાં ને અનુચિત વસ્ત્ર પહેરીને જવાય નહિ.
- પૌષધમાં રહેલા શ્રાવકોએ ગુરુવંદન કરતી વખતે અને વાચનાદિ લેવા કે પ્રશ્ન કરવા જતી વખતે ખેસ ધારણ કરવો જોઈએ. ગુરુમહારાજ સમક્ષ ઉઘાડા શરીરે જવાય નહિ.
- ગુરુવંદન ઉપાશ્રયે જઈને વિનય–વિવેક સહિત વિધિપૂર્વક કરવું જોઈએ.
- યોગ્ય સમયે ઉપાશ્રયે જઈને મુખ્ય આચાર્યભગવંત આદિને વંદન કરીને, શક્તિ હોય તો પર્યાય પ્રમાણે મોટા–નાનાનો વ્યવહાર સાચવીને સર્વ મુનિભગવંતોને વંદન કરવું જોઈએ.
- **અવગ્રહ:** શક્ય હોય ત્યાં સુધી ગુરુવંદન અવગ્રહ સાચવીને કરવું જોઈએ. અવગ્રહ એટલે ગુરુમહારાજની આશાતના ટાળવા માટેનું શિષ્ય અને ગુરુમહારાજ વચ્ચેનું ઉચિત અંતર.
  ગુરુનો અવગ્રહ ૩ાા હાથનો છે. ગુરુથી શિષ્યે ૩ાા હાથ (૭ વેંત) દૂર રહેવું જોઈએ. વચ્ચેના ૩ાા હાથના આંતર (ક્ષેત્ર)ને 'અવગ્રહ' કહેવાય છે.
- **શ્રાવકોએ વંદન કરતી વખતે ગુરુમહારાજની અત્યંત નજીક રહેવું નહિ અને સાધુની જેમ ગુરુમહારાજના ચરણ ઉપર હાથ મૂકીને વંદન કરવું નહિ. સાધુની જેમ વંદન કરવાનો શ્રાવકને અધિકાર નથી. એજી રીતે વંદન કરવાથી શ્રાવકને મર્યાદાનું ઉલ્લંઘન, અવિધિ અને આજ્ઞાભંગનો દોષ લાગે છે.**
- અબ્ભુટ્ઠિઓ ખામતી વખતે ડાબો હાથ મુખની આડે રાખવો જોઈએ અને જમણો હાથ (મુઠ્ઠી વાળીને નહિ પણ) ખુલ્લી હથેળી રાખીને જમીન ઉપર સ્થાપન કરવો જોઈએ.
- અબ્ભુટ્ઠિઓ ખામ્યા પછી છેલ્લે ખમાસમણ અવશ્ય દેવું જોઈએ.

- પચ્ચક્ખાણ લેવાનું હોય તો અબ્ભુટ્ઠિઓ ખામ્યા પછી એક ખમાસમણ દઈ ઊભા થઈ '**ઈચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચક્ખાણનો આદેક દેશોજી**' એમ બોલીને જે પચ્ચક્ખાણ લેવું હોય તેનું બરાબર નિવેદન કરીને પચ્ચક્ખાણ લેવું અને પસ્ક્ખાણ લીધા પછી એક ખમાસમણ અવશ્ય દેવું.
- ***ગુરુમહારાજને ગમે ત્યાં ગમે ત્યારે આવવા – જવાના માર્ગમાં, દાદરમાં કે રસ્તા વચ્ચે રોકીને ઊભા રાખીને વંદન કરાય નહિ.***
- ગુરુમહારાજ નિદ્રધીન હોય કે કાઉસ્સગ્ગમાં હોય ત્યારે તેમને વંદન કરાય નહિ અને તેમના શરીરને અડાય પણ નહિ. અડવાથી તેમની નિદ્રાનો નાશ થવાનો કે કાઉસ્સગ્ગ ભંગ થવાનો સંભવ હોવાથી આપણે દોષ લાગે.
- ગુરુમહારાજ ભલે નિદ્રાધીન હોય કે જાગતા હોય, છતાં આંખો બંધ રાખીને સૂતેલા હોય ત્યારે પણ વંદન કરવું યોગ્ય નથી. વંદનમાં ઈચ્છકારનો પાઠ આવે. ઈચ્છકારમાં ગુરુમહારાજને પૃચ્છા કરવાની છે. પૃચ્છા તો ગુરુમહારાજ જાગતા હોય ને આંખો ખુલ્લી હોય ત્યારે જ કરવી યોગ્ય ગણાય. વળી વંદનમાં અબ્ભુટ્ઠિઓ સૂત્ર બોલાય છે. ગુરુમહારાજના સંબંધમાં આપણાથી થયેલા અપરાધ ખમાવાય છે. ગુરુમહારાજ જાગતા હોય અને આંખો પણ ખુલ્લી હોય ત્યારે અપરાધ ખમાવી શકાય.
- ગુરુમહારાજ ગોચરીપાણી વહોરવા માટે ઉપાશ્રયની બહાર જઈ રહ્યા હોય, સ્થંડિલ–માત્રે જઈ રહ્યા હોય અથવા અન્ય કોઈ કાર્ય નિમિત્તે વસતિની બહાર જઈ રહ્યા હોય ત્યારે તેમને રસ્તા વચ્ચે રોકીને અને ઊભા રાખીને વંદન કરાય નહિ.
- ગુરુમહારાજ વિહાર કરીને પધાર્યા હોય અથવા ગોચરી પાણી લઈને કે અન્ય કોઈ કાર્ય નિમિત્તે બહાર જઈને આવ્યા હોય, તેથી શ્રમિત થયા હોય,ગરમીથી સંતપ્ત થયા હોય અને પરસેવે રેબઝેબ થયા હોય ત્યારે તેમને કપડાં ઉતારી આસન ઉપર બેસવા દેવા જોઈએ અને શ્રમ દૂર થયા પછી તેમને કાંઈક શાંતિ વળે–શાતા ઉપજે ત્યારે જ વંદન કરવું યોગ્ય ગણાય, પણ ગુરુમહારાજ બહારથી આવતાંની સાથે જ, કપડાં ઉતારીને આસન ઉપર બેસવા દીધા વિના અને તેમને સહેજ પણ આરામ કરવા દીધા વિના વંદન કરવા લાગી જવું તે વિવેકી આત્માઓ માટે યોગ્ય નથી.
- ગુરુમહારાજને અધ્યયન, સ્વાધ્યાય, જાપ આદિ કાર્યોમાં વિક્ષેપ ન થાય તેમ વિવેકપૂર્વક વંદન કરવું જોઈએ.
- રાત્રે ગુરુવંદન કરાય નહિ. અવગ્રહ સાચવી બે હાથ જોડી, માથું નમાવી માત્ર '**ત્રિકાલવંદના**' કહેવાય.
- સાક્ષાત્ ગુરુમહારાજનો યોગ ન હોય ત્યારે વિધિ–વિધાન કરેલી ગુરુમૂર્તિને અથવા વિધિ–વિધાન કરેલા ગૌતમસ્વામી આદિ ગુરુમહારાજના ફોટાને વંદન કરીને પણ રોજ ગુરુવંદના સંસ્કાર જાળવવા જોઈએ.
- વિધિ–વિધાન વગરના ગુરુમહારાજના ફોટાને (જમણા હાથની હથેળી ફોટા સામે રાખીને) નવકાર અને પંચિંદિય એટલે ગુરુસ્થાપના સૂત્ર વડે સ્થાપના કરીને પછી જ વંદન કરવું. વંદન કરી પછી (જમણા હાથની હથેળી આપણા મુખ સામે રાખીને) નવકાર બોલીને સ્થાપનાનું ઉત્પાથન કરી લેવું જોઈએ.

  જેની સ્થાપના કરી હોય તેનું ઉત્થાપન નહિ કરવાથી આશાતના થાય છે.

jainuniversity.org